

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*બહુ જ માગતા પછી માણસ સમય આપે છે,*
*હવે બેઠા કરવત લઈ એ માણસ કાપે છે*
*માપે છે હવે દરેક ક્ષણે કરે છે 'ટક ટક'*
*રાખે છે કડક જાપતો માણસને સંતાપે છે!*

### હાઈકુ

*મળતો નો'તો -*
*હવે ખૂટતો નથી -*
*છે વારાઢારા...*
*(સમયની બલિહારી)*

*લ્યો ! બદલાયો -*
*સમયનો સમય,*
*થયો છે હામી...*
*(લાચાર માનવી)*

### ચિંતન

**ઈચ્છિત શતી સહસ્રી, સહસ્રી લક્ષ્મીપતે ।**
**લક્ષાધિપતિઃ તથા રાજ્યં, રાજયસ્થં સ્વર્ગમીહતે ॥**

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

સો રૂપિયાવાળો હજારની ઈચ્છા રાખે છે, હજારવાળો લાખની ઈચ્છા રાખે છે. લક્ષાધિપતી રાજ્યપ્રાપ્તિનાં સ્વપ્નો સેવે છે. અને રાજયવાળો સ્વર્ગની કામના કરે છે.

માણસની કામનાઓ, ઈચ્છાઓ, અપેક્ષાઓનો અંત નથી. ક્ષિતિજે રહેલા મૃગજળની જેમ તે દૂર દૂર વિસ્તરતી જાય છે. આશાનું વર્તુળ મોટું ને મોટું થતું જાય છે. આમાં વાંક મનનો અને સાંસારિક માયા મમતાનો છે.

સ્ત્રી કે પુરુષને પહેલાં પુત્ર જન્મની અપેક્ષા, પછી હોદ્દા નોકરીની - પછી તેના લગ્ન અને ફરી તેને ત્યાં પારણું બંધાવાની ઈચ્છા મોહ, સંસારમાં ઊંડાને ઊંડા કળણમાં માનવીને ખેંચ્યા જ રાખે છે.

આ ઈચ્છા આશાઓનો અંત આપણા પગ પાસે જ પડ્યો છે. પણ આપણે તે જોઈ નથી શકતા. એનું નામ છે 'સંતોષ'. માનવી જે, જેવું અને જેટલું મળ્યું છે એમાં ઈશ્વર ઈચ્છાના દર્શન કરી રાજી રહે, 'સંતોષ' અનુભવે તો મન શાંત થઈ જાય ને નવી નવી માંગણીઓ મૂકયું બંધ થઈ જાય.

### સુવિચાર

- સુનકર જમાને કી બાતેં, તું અપની અદા મત બદલ, યકિન રખ અપને ખુદા પર યું, બારબાર ખુદા મત બદલ - **શિશિરપુરી**
- લોહીની નદીઓ વહેવડાવવી સહેલી છે, પણ કોઈનાં આંસુના એક ટીપાને સુકવવું કઠીન કાર્ય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જેનો લોભ નથી તેનો લોભ શું કરે છે ? આવા માણસોની આસપાસ એક સુરક્ષા કવચ રચાઈ જાય છે, જે આપોઆપ તેમનું રક્ષણ કરે છે - **અમૃતબિંદુ**
- સાચું બોલવામાં કદાચ હિંમતની જરૂર પડે છે, પણ સાચું સાંભળ્યા પછી ય સ્વચ્છતા ટકાવી રાખવા માટે તો શાણપણની જરૂર પડે છે આપણામાં હિંમત તો છે પણ શાણપણ?? - **જીવન પાથેય**
- પ્રત્યેક સંપ્રદાયવાળા જેટલો ભાર ધાર્મિક આચાર્ ઉપર મૂકે છે તેટલો નૈતિક આચારો ઉપર મૂકતા નથી - **ગુણવંત શાહ**
- મર્યા પછી અનુકૂળ ચિતા (સ્મશાન) ની ચિંતા તો જ કરે જેણે જીવનભર અનુકૂળતાને જ પાળી પોસી હોય છે - **ચંદકાન્ત બક્ષી**
- આજનું ઔષધ : વો બ્લડપ્રેશરમાં જટામાંસીનું ચૂર્ણ, તજનો પાઉડર અને કપૂર મિક્સ કરી સવાર-બપોર-સાંજ બે-બે ગ્રામ લેવાથી રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ચોસઠ વર્ષ સુધી બ્રિટનને મજબૂત બનાવનાર રાણી વિકટોરીયાના ૧૮૪૦માં લગ્ન પ્રિન્સ આલ્બર્ટ સાથે થવાના હતા. વિશાળ સામ્રાજયની રાણી ચર્ચમાં આવી ત્યારે લગ્નવિધિ પ્રમાણે એણે એવી પ્રતિજ્ઞા લેવાની હતી કે પતિની આજ્ઞાઓનું સંપૂર્ણ પાલન કરશે. લગ્નવિધિ કરાવનાર પાદરીને થયું કે એક વિશાળ સામ્રાજયની રાણી સાધારણ પ્રિન્સ ને પરણી રહી છે. ત્યારે આ પ્રતિજ્ઞા કેટલે અંશે યોગ્ય ગણાશે ? એણે મહારાણીને કાનમાં કહ્યું, 'મેડમ, આ પ્રતિજ્ઞા મને બરાબાર લાગતી નથી. આપ કહો તો આપણે લગ્નવિધિમાંથી આ પ્રતિજ્ઞાને રદ કરીએ.' મહારાણી વિકટોરિયાએ કહ્યું, 'પાદરી સાહેબ, વિધિની પરંપરાનું પાલન થવું જોઈએ. પ્રતિજ્ઞા કાઢી નાખવી વ્યાજબી બાબત નથી.' પાદરીએ દલીલ કરતાં કહ્યું, 'આપ બ્રિટન જેવા મહાન રાષ્ટ્રની મહારાણી છો. અને પ્રતિજ્ઞા લો, તે મને ઉચિત નથી દેખાતું.' મહારાણીએ કહ્યું, 'હું અત્યારે મહારાણી નથી પણ એક કન્યા છું. કન્યાનો મોભો જોવાનો ન હોય માટે તમે પ્રતિજ્ઞા લેવડાવો અને હું સાચા દિલથી પ્રતિજ્ઞા લઈશ.' રાણી વિકટોરિયા એ બ્રિટનને ઉત્તમ શાસન આપ્યું અને બ્રિટનના લોકોની અપાર ચાહના મેળવી.

# વયમ્ રાષ્ટ્રે જાગૃયામ્

**તંત્રીસ્થાનેથી...**

એકવીસ દિવસના લોકડાઉનના અંતે કોરોના સંક્રમણ ધીમી ગતિએ પણ નિરંતર વધતું ગયું છે એન દેશમાં અનેક શહેરો તથા જિલ્લાઓ 'હોટ સ્પોટ' બની ચૂકયા છે. પ્રમાણમાં અન્ય દેશોની સરખામણીએ આપણા દેશની સ્થિતિ સારી રહી છે - યુરોપ, અમેરિકા કે ઈરાનની જેમ અહીં લાશોના ઢગલાં નથી ખડકાયા. પરંતુ એથી એવું તો ન જ માની લેવાય કે આગામી દિવસો દરમિયાન આપણે પણ કદાચ એવી જ દારૂણ દશાનો ભોગ નહીં બનીએ. વૈજ્ઞાનિક ગણતરીકારો ભારત વિશે હજી દહેશતભર્યા દિવસોની જ આગાણી કરી રહ્યા છે. ત્રીજા સ્ટેજના લોકલ સંક્રમણ ફેઝમાં પહોંચેલાં 'હોટ સ્પોટ' રોજેરોજ નવા પૉઝિટિવ દરદીઓ પેદા કરી રહ્યાં છે. આમ પરિસ્થિતિ નિયંત્રણમાં છે - એવા વધુ પડતા આત્મવિશ્વાસમાં રહેવા જેવું નથી. ઓડિશા, દિલ્હી, પંજાબ, તેલંગાણા, મહારાષ્ટ્ર અને તમિલનાડુ જેવાં રાજયોએ તો વડાપ્રધાનની નવી જાહેરાતની રાહ જોયા વગર જ એપ્રિલના અંત સુધી લોકડાઉન જાહેર કરી દીધું હતું. બધાની નજર ૧૪ એપ્રિલે પૂરા થતા પ્રથમ લોકડાઉનના અનુસંધાને વડાપ્રધાન કેવો અભિગમ અપનાવશે એ મુદ્દા પર ટકેલી હતી. વડાપ્રધાને બહુ જ સંયત ભાષામાં પ્રથમ લોકડાઉન સફળ બનાવવામાં પ્રજાજનોએ આપેલ સક્રિય સહયોગની નોંધ લીધી, એ બધાને લોકડાઉન પિરિયડ દરમિયાન વેઠવી પડેલી તકલીફો અને સવિશેષ તો આર્થિક નુકશાનની નોંધ લીધી અને સાથે જ પોતે વેળાસર પગલાં લીધાં હોવાનું પણ ભારપૂર્વક જણાવ્યું. વળી વેળાસર લેવાયેલ પગલાંને લીધે અન્ય વિકસિત રાષ્ટ્રોની સરખામણીમાં આપણે ત્યાં દરદીઓની સંખ્યા નિયંત્રણમાં રહેવા પામી હોવાનું પણ ગૌરવ લીધું. ત્યારે લૉકડાઉનનો નિર્ણય લેવાની જરૂર હતી - એ વિશે ભિન્ન અભિપ્રાય હોઈ શકે. પરંતુ 'દેર આયે - દુરસ્ત આયે' - એ ન્યાયે ચીનની સરખામણીએ ઘણું મોડું કર્યું હોવા છતાં લોકડાઉનની પોઝિટિવ અસરો જરૂર જોવા મળી છે. લોકોએ મૃત્યુના ભયથી ઘરોમાં પુરાઈ રહેવાનું સ્વેચ્છાએ સ્વીકાર્યું છે. જયાં ચૂક થઈ છે ત્યાં પોલીસની કડકાઈ સફળ થઈ છે. તબલીગી જમાત પર તવાઈ આવવાથી સંક્રમણ નિયંત્રણમાં રહ્યું છે. પરંતુ અત્યારે પણ નવા નવા પોઝિટિવ કેસ જાગતા જાય છે અને ભારતના ત્રણસોથી વધુ નાગરિકોના જીવ ગયા છે. ટેસ્ટ લેબોરેટરી અને કોવિડ હોસ્પિટલોનું યુદ્ધના ધોરણે નિર્માણ થયું છે તે પ્રશંસનીય છે. સંક્રમણ બેકાબૂ બની જાય તો પણ દરદીઓને હોસ્પિટલોમાં જગ્યા મળી રહે એવી વ્યવસ્થા ઊભી કરાઈ છે. વડાપ્રધાન પોતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક તરીકે આપદા પ્રબંધન વખકે કેડ બાંધીને સેવાકાર્ય કર્યાનો વિશાળ જાત અનુભવ ધરાવે છે. મચ્છુ ડેમ હોનારત હોય કે કચ્છનો વિનાશકારી ભૂકંપ - દરેકે દરેક આફત ટાણે નરેન્દ્ર મોદી આગલી હરોળમાં ઊભા રહ્યા છે. આજે જયારે વૈશ્વિક આપદાનો સામનો કરવાવારો આવ્યો છે ત્યારે પણ એમનામાં ધબકતો સંઘનો કાર્યકર્તા 'વયમ્ રાષ્ટ્રે જાગૃયામ્' નો મંત્ર ભૂલ્યો નથી. 'લૉકડાઉન-૨' ની જાહેરાત કરતી વેળાએ એમને સૌથી વધારે ચિંતા રોજીરોટી છીનવાઈ જતાં રોટલાનાં ફાંફાં ફડી ગયા છે એવા ગરીબ મજૂર વર્ગની કરી. રવિ પાકની કાપણી ચાલુ છે ત્યારે વિસાળ કિસાન સમુદાયને પણ કામ કરવાની છૂટ આપવી પડશે. વીસ એપ્રિલ સુધી ઘનિષ્ઠ સર્વેક્ષણ ચલાવી જયાં નવા કેસ ન નોંધાયા હોય ત્યાં શરતી છૂટછાટ આપવાની હૈયાધારણ પણ આપી છે. આખરે ૩ મે સુધીના આ લોકડાઉન ફેઝ-૨ દરિયાન કોરોના સામેની નિર્ણાયક લડાઈ લડાશે. આશા રાખીએ કે ભારત એમાં હેમખેમ પાર ઊતરે.

# સમય કયારેય અટકતો નથી, કપરોકાળ પર પૂરો થઈ જશે



## નવાં કલેવર

નટવર હેડાઉ

દૂર દૂર સુધી નજર પડે ત્યાં માત્ર પાણીને પાણી ઘુઘવતો ને મોજાઓથી ટાપુ પર જાણે કે માથું પછાડતો દરિયો. ચારે તરફ ક્ષિતિજ સુધી ફેલાયેલ જળરાશી વચ્ચે ટાપુ, ટાપુની ઊંચાણવાળી ટેકરી જેવી જગાય પર બેઠેલ એક વીસ બાવીસ વર્ષનો યુવાન ચૂપચાપ દૂર સુધી જોયા કરે છે. નથી દેખાતો કોઈ આરો કો ઓવારો કે કિનારો. વાહ ! રે કુદરત કેવો આ નજારો.

સમય પણ અહીં વિતાવવો મુશ્કેલ છે. તેમાં કેમ કરવો જીવારો. છતાં આમ જ બે વર્ષ વીતી ગયા.

અહીં આવ્યો ત્યારે જાણવા મળ્યું કે રામભરોસે યાદવ તું પહેલો નથી. તારા પહેલાં અહીં ત્રણ માણસો રહી ગયા છે. યેનકેન પ્રકારે બે તો ભાગી જવામાં સફળ થયેલા એન ત્રીજો એક બંગાળી છોકરો એ તો આ દિવાદાંડીમાં આપઘાત કરીને મરી ગયેલો.

કહેવાય છે કે અત્યારે પણ કયારેક કયારેક ફરતો જોવા મળે છે. દૂર દૂર જતી હોડીઓ એન સ્ટીમરોને જોઈ સફેદ કપડું હલાવે છે અને ચીસો પાડી પાડીને બોલાવે છે.

પણ અહીં કોણ આવે ? આ નિર્જન ટાપુ પર દરિયાઈ જીવ સૃષ્ટિ જોવાના શોખીનો કયારેય આવે છે. તે દિવાદાંડીથી દૂર કેમ્પ કરે છે. તેમની પાસેથી સાંભળવા મળ્યું છે કે આ ટાપુનું નામ પિરોટન છે. અહીં આપવવા માટે ભરતીના ઊંચા મોજાંની જરૂર રહે છે. ખાડીના કિનારે થી ૨૦ દરિયાઈ માઈલના અંતરે જામનગર શહેર એન બેડી બંદર આવેલું છે. દિવસમાં બે વાર આવતી ભરતી વચ્ચે ૧૨ કલાકનો સમયગાળો રહે છે. પીવાનું પાણી અને ખાદ્યસામગ્રી પણ સાથે લઈ આવે છે. તેમની સાથે મારા માટે પણ એ બધું આવે છે. પરંતુ હું તો માણસને શોધું છું. કોઈ મારી સાથે વાત કરે, પણ એવું તો કોઈ જ મળતું નથી.

સવારે ઘુઘવતા દરિયાની પેલેપાર સૂરજ નીકળે છે ત્યારે અજવાળું થતાં બધું જોઈ રહું છું. ન્હા, જમવાનું બનાવવું, કપડાં ધોવા, ઓરડીને સાફસૂફ કરતા એ બધામાં દિવસ તો વીતા જાય છે પણ રાત પડતાં જ બધું ભેંકાર લાગવા માંડે છે. દરિયા પરથી આવતો સૂસવાટા દેતો પવન અને ઘુઘવતા મોજાંની થપાટોનો અવાજ ખુબ જ બિહામણો લાગે છે.

દરરોજ સાંજે સાત વાગે હું આ લાઈટ હાઉસ (દીવાદાંડી)ની લાઈટ ચાલુ કરી દૂર દૂરથી આવતાં જતા વહાણો સાથે તો પથદર્શક બનું છું પણ 'દિવા તળે અંધારુ'એ કહેવત અનુસાર મારા જીવનમાં તો અંધકાર છવાયેલો રહેશે.

ભેંકાર વાતાવરણમાં રાતભર જાગતો હું દૂરથી પસાર થતી સ્ટીમરો અને વહાણોની લાઈટો ને જોયા કરું છં. મને લાગે છે કે કુદરતે આપેલો આ એકલાતનો શ્રાપ છે. ભાગી જવાનું મન થાય છે પણ જયાંથી આવ્યો છું ત્યાં પણ મારું કોણ છે? એ પ્રશ્ન થતાં હું શાંત થઈ જાઉં છું. અને મારી જાત સાથે વાત કરવા લાગું છું.

ખબર નથી કે મારો આ એકાંતવાસ કયારે પૂરો થશે.

'રામભાઈ હમ જા રહે હૈ, કુછ મંગવાના હો તો બોલો.' હોળીવાળો પુછી રહ્યો છે. મારી તંદ્રા તૂટે છે.

ભરતીનું પાણી વધી રહ્યું છે. આવેલ પ્રવાસીઓ હોડીમાં બેસી ચૂકયા છે.

સૂનકાર નજરે હોડીને જતી તે જોઈ રહ્યો છે. તેને પણ લાગે છે કે કયારેક તો હું પણ એમાં બેસીને કિનારે પહોંચીશ, આશા અમર છે. સમય કયારેય અટકતો નથી. કપરોકાળ પર પૂરો થઈ જશે.

# અરુંધતીનો અવાજ : હું વહુવિહોણી અયોધ્યામાં આવવાની નથી



## આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

ઋષિ વાલ્મીકિ રામાયણની ઉત્તરકાંડની એક કથા ખૂબ જ જાણીતી છે. લોકનીંદા અને અપકિર્તીનાં ભયે શ્રીરામે સીતાજીનો ત્યાગ કર્યો. શ્રી રામના આદેશ મુજબ લક્ષ્મણજી તેમને અંધારામાં રાખીને વાલ્મીકિ આશ્રમની આસપાસના વિસ્તારમાં ગંગા નદીના કિનારે વનમાં મૂકી આવ્યા. આપણે સૌ જાણીએ છીએ કે ઋષી વસિષ્ઠ અયોધ્યા રાજ્યના રાજગુરુ હતા. રઘુકુલના દરેક સદસ્ય ગુરુ વસિષ્ઠ અને પત્ની અરુંધતીને એક વડીલ કુટુંબીજન તરિકે તેઓની સલાહ લેતા હતા અને માન-સન્માન આપતા હતા. શ્રી ભવભૂતિ રચિત "ઉત્તર રામચરિત" પ્રમાણે અયોધ્યામાં આ ઘટના બની ત્યારે અયોધ્યાનાં રાજગુરુ ઋષિ વસિષ્ઠ અને તેમનાં પત્નિ માતા અરુંધતી ઋશ્યશ્રુંગનાં આશ્રમે હતા. ત્યાં બાર વર્ષથી એક યજ્ઞ ચાલતો હતો. યજ્ઞ પૂરો થયો પછી ઋષ્યશ્રુંગે બધાં જ ગુરુજનોની સાથે ઋષિ વસિષ્ઠ અને અરુંધતિને પણ સન્માનપૂર્વક વિદાય આપી. વસિષ્ઠ અયોધ્યા તરફ પ્રયાણ કરી રહ્યા હતા ત્યારે ભગવતી અરુંધતીએ આક્રોશપૂર્વક કહ્યું;

નાહં
વધૂવિરહિતામયોધ્યાં
ગમિસ્યામીત્યાહ

અર્થાત, હું વહુવિહોણી (સીતાવિહોણી) અયોધ્યામાં આવવાની નથી.

ભગવતી અરુંધતીએ શ્રી રામ પત્નિ સીતા વગરની, રાજરાણી વગરની, વધૂ વગરની અયોધ્યામાં જવાની સ્પષ્ટ રીતે ના કહી. અરુંધતીનું ના પાડવાનું કારણ એ હતું કે તેઓ દ્રઢપણે એવું માનતા હતા કે શ્રીરામે સીતાજીને, પોતાની પત્નિને, એક નારીને વગર વાંકે અન્યાય કર્યો છે. માત્ર પોતાની ટીકા ના થાય એ માટે સીતાત્યાગ કરીને શ્રીરામે સીતાજીને ખોટી રીતે મોટામાં મોટી સજા કરી છે.

મહાભારતની કથા મુજબ કુરુસભામાં જ્યારે દુઃશાસન દ્રૌપદીનું વસ્ત્રાહરણ કરી રહ્યો હતો એ સમયે કુરુસભામાં ઉપલબ્ધ ધૃતરાષ્ટ્ર, ગુરુદ્રોણ, પિતા ભીષ્મ અને વિદ્વાન કૃપાચાર્ય નીચું જોઈને બેસી રહ્યા હતા. એ સૌ જાણતા હતા કે દ્રૌપડીને હળાહળ અન્યાય થઈ રહ્યો છે છતાં દ્રૌપદીને થતાં અન્યાય સામે એ સૌ મૂંગા રહ્યા. એ સમયે એક માત્ર ધૃતરાષ્ટ્ર પુત્ર કૌરવબંધુ વિકર્ણએ હિમ્મત કરીને ઊભા થઈને દ્રૌપદીની તરફેણમાં આવાજ ઊઠાવેલો અને કુરુસભાને સણસણતો પ્રશ્ન પૂછ્યો હતો કે "આ શું થઈ રહ્યું છે?"

રામાયણ અને તેમાં બનતી ઘટનાઓનું ફલક બહુ મોટું છે. એમાંની ઘણી બધી ઘટનાઓ ખૂબ જ મહત્વની છે. અરુંધતીએ વધૂવિહોણી અયોધ્યામાં જવાની ના પાડી એ ઘટના રામાયણના મોટા ફલકમાં ખૂબ જ નાની છે. એ વાતની અરુંધતીને પણ ખબર હતી કે પોતાના ના કહેવાથી, અયોધ્યામાં પોતાના પરત ના જવાથી કે પોતાનો અવાજ ઉઠાવવાથી શ્રી રામને કે અયોધ્યામાં કશો જ ફેર પાડવાનો નથી. આમ છતાં અરુંધતી એ પોતાના દ્રઢ સંકલ્પબળથી પરિસ્થિતી સાથે પોતાનો અણગમો દર્શાવ્યો તેનાથી મોટી વાત બીજી કઈ હોય શકે?

એવું જ વિકર્ણનું થયું. કુરુસભામાં વિકર્ણનું સાંભળે એવું કોઈ જ ન હતું. તેનું કશું જ ચાલ્યું ન હતું. છતાં વિકર્ણએ અન્યાય સામે પ્રતિકાર કર્યો, એ સમયે અબળા બની ગયેલી દ્રૌપદીની તરફેણમાં બોલાયેલા વિકર્ણનાં એ શબ્દો અને એ શબ્દો થકી વિકર્ણ પોતે અમર બની ગયા.

રામાયણ અને મહાભારતની ઉપરોક્ત બંને ઘટનાઓ કૌટુંબિક ઘટનાઓ જ હતી. અન્યાયનો ભોગ બનનારી બંને નારીઓને તેનાં કુટુંબીજનો દ્વારા જ હળાહળ અન્યાય કરવામાં આવ્યો હતો. બંને ઘટનાઓમાં અન્યાય થયો એ સમયે તેમના કેટલાક કુટુંબીજનો જ મૌન રહ્યા હતા અને વ્યક્તિની તરફેણમાં પણ તેમનાં કુટુંબીજનો અને સ્નેહીજનો દ્વારા જ પ્રતિકાર કરવામાં આવ્યો. અન્યાયની વિરુધ્ધમાં અણગમાનો અવાજ ઉઠાવવામાં આવ્યો હતો.

માનવીય સંબંધોમાં, કૌટુંબિક સંબંધોમાં, સામાજિક સંબંધોમાં ક્યારેક ને ક્યારેક અને ક્યાંક ને ક્યાંક દ્રૌપદી અને સીતાજી સાથે બની એવી અથવા તો અન્ય પ્રકારની અન્યાયની ઘટનાઓ બનતી જ રહેતી હોય છે. કુટુંબોમાં કે સામાજિક સંબધોમાં કોઈપણ વ્યક્તિ સાથે દુર્વ્યવહાર થતો રહેતો હોય છે. કૌટુંબિક વ્યક્તિઓ દ્વારા જ કોઈ ને કોઈ વ્યક્તિ કપટ કે છળકપટનો ભોગ બનતી રહેતી હોય છે. એકાદ-બે વ્યક્તિઓને અંધકારમાં રાખીને તેની પાછળ, તેમનું અહિત થાય એવા કાવાદાવા કૌટુંબિક વ્યક્તિઓ કે સંબધોઓ દ્વારા થતાં રહેતા હોય છે. કૌટુંબિક વ્યક્તિઓમાં નાના મોટા અધિકારો છીનવી લેવા માટે કે તેઓ પોતાનાં અધિકારો ભોગવી ન શકે તેના માટે દાવપેચો નંખાતા રહેતા હોય છે. તેઓને ખોટી રીતે હેરાન-પરેશાન કરવા માટે સાચી-ખોટી રમતો રમાતી રહેતી હોય છે. લક્ષ્ય બનાવેલી વ્યક્તિઓની સાચી, ન્યાયી, વાજબી વાતોને ખોટી, અન્યાયી અને ગેરવાજબી ઠેરવીને તેઓને ગુનેગારોનાં કઠેડામાં ઊભા રખાતા રહેતા હોય છે. વ્યક્તિ દ્વારા અજાણ્યે થતી ભૂલોને મોટા ગુનાઓનું સ્વરૂપ આપીને તેઓને કુટુંબીજનો દ્વારા જ ખોટી સજાઓ આપવામાં આવતી હોય છે. આ બધા જ પ્રકારનું આચરણ કુટુંબીજનો કે સગાસંબધીઓ દ્વારા જ પોતાના કુટુંબીજનો કે સ્નેહીઓ માટે થતું હોય છે. જે વ્યક્તિઓ આ પ્રકારનું અન્યાયી અને ક્રૂર આચરણ કરતાં હોય છે તેને સાચું ઠેરવવા પાછળ કુટુંબની આબરૂ, કુટુંબની માન-મર્યાદા, કુટુંબનો મોભો મોભો કે કુટુંબના મૂલ્યોનાં ખોટા ઓઠા કે બહાના આપવામાં આવતા હોય છે.

(ક્રમશઃ)

# સહાનુભૂતિનાં અહેસાસથી વંચિત થતું વિશ્વ !!



## જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

જીવન શું છે અને કવન શું છે એ જાણવામાં કદાચ આ જિંદગી પણ ટૂંકી પડે કારણ કે પ્રત્યેક માનવીનું વૈચારિક અને વિહારીક સ્તર જુદુ જુદુ હોય છે. જીવન એ અસ્તિત્વનો જીવંત સંવેદન આધાર પાયો અને પુરાવો છે. જીવતા હોવું અર્થાત્ અર્થપૂર્ણ કંઈક પ્રદાન કરવું એ પછી પરિવાર માટે હોય, સમાજ કે રાષ્ટ્ર માટે હોય પરંતુ કંઈક ભૌતિક યા વૈચારિક દૃષ્ટિએ પુરું પાડવું એ મતલબ રહેલો છે. સૂર્યોદય થાય કે સજીવ સૃષ્ટિ જાગી જાય અને ચહલપહલ નજરે પડે જેને આપણે દિનચર્યા કહીએ છીએ. ઈશ્વરે આપેલો માનવ જન્મ દુર્લભ માનવામાં આવ્યો છે, ને 'તરેત સા આત્મહ।' - અર્થાત્ જેને તરી ના જાય તે આત્મા ઘાત જેવું કહેવામાં આવ્યું છે. જીવન જીવવું એ સૌથી ઉમદા અને સૌથી કપરૂ કાર્ય છે. જીવનનો અર્થ અને મર્મ જામવાની પ્રક્રિયામાં ઘણા પ્રયાસો આજે પણ થઈ રહ્યા છે. છતાં નક્કર અને સર્વસ્વીકૃત ઉત્તર પ્રાપ્ત હજી થઈ શક્યો નથી. જન્મ વાસ્તવમાં ઋણાનુબંધનના સિદ્ધાંત (Law of Attraction) મુજબ મળતો રહે છે ત્યાં કર્મના કાયદાને સ્થાન છે! જન્મ તથા મૃત્યુ બાબતે કોઈની વૈયક્તિક મરજી ચાલતી નથી એટલે જીવન મળી ગયું પછીથી જેવું પણ હોય એ જીવવું ફરજિયાત છે, એ અમૃત લાગે કે વિષ પરંતુ તેને માણવું પડતું હોય છે. માણસ તે આજીવન માણસ પાસેથી મળતી પ્રીત, હેત, હૂંફ કે આશ્વાસનની એક જબરી ખ્વાહિશ રહેતી જ હોય છે !! જો આ તત્ત્વો મળે નહીં તો ભવ્ય સુખસંપત્તિ પણ તેને સુખ આપી શકતી નથી. કેવળ પૈસા કમાવા અને તેની પાછળ જ સમય વિતાવવો એ જિંદગી કે તેનો ઉદ્દેશ નથી પરિણામે જીવન ઝટ કટાય જાય છે હવે તનાવભર્યા જીવનમાંથી જીવનરસ- ઉમંગ - સહાનુભૂતિ જ લુપ્ત થતા જાય છે એટલે દુનિયાના તમામ લોકો તેના જાદુથી વંચિત થતા જાય છે એ જબરી હાનિ છે. શબ્દો પણ માનવીને શક્તિ પ્રદાન કરે છે અને મૌન ઘાતક બની મારી શકે છે!

સ્વયંની ખોજ સ્વયં દ્વારા થતી નથી એટલે બહારનાં વિશ્વમાંથી આશ્વાસન શોધવામાં માણસ સમય ખર્ચી નાંખે છે.

ઝાંખી એક જો 'સ્વ'ની થાય
હૃદય મહી જ સર્વસ્વ
રચાય.

લાગણીઓને ઓનલાઈન રાખીને કયારેક ઓફલાઈન મળવામાં કદાચ સ્વીટ વર્લ્ડનો સ્વાદ ચાખવા મળી જાય છે. ડિજિટલ વિશ્વમાં બધું જ વર્ચ્યુઅલ છે એ યાદ રહેતું નથી ! જીવન છે ત્યાં સુધી પ્રશ્નો પણ છે તેને ઉકેલવાનાં પ્રયાસો પણ છે આ સ્થિતિને સંઘર્ષ કહેવામાં આવે છે.

જે કાંઈ છે તે આ બધું લાગણીઓનું રમખાણ છે.

કયાંક છે એ અખૂટું ને કયાંક એની તાણ છે.

કપડાં નહીં વિચારો 'બ્રાન્ડેડ' હોવા અનિવાર્ય છે. જીવનમાં માત્ર હું જ જીતી જાઉં એ જરૂરી નથી પરંતુ મારા પોતાનાં કે જેમણે મને સંઘર્ષમાં સાથ અને આશ્વાસન આપ્યા છે તે ના હારે એ જરૂરી છે જેને આપણે સંબંધનો સેતુ કહીએ છીએ. આશ્વાસન કોઈનો આપવામાં જીગર જોઈએ ! દિલથી જીવનારા લોકો જ અન્યને મદદ કરી શકે નહીં કે દિમાગવાળા એ પણ કટુ સત્ય છે. બીજાના સુખમાં જે પોતાનો રાજીપો જોઈ શકે એ ઉત્તમ મનુષ્ય હોય છે અને આ પ્રકારના લોકોથી સંસાર કોમળ કે મધુર લાગતો રહે છે. સુમતિ અને કુમતિ દરેકમાં વસે છે અને જયાં સુમતિ હોય ત્યાં ખરાબ ઘટવાની શકયતા નથી હવે લોકોના અનુભવને નીચેના શૅરમાં હૂબહૂ દર્શાવવામાં આવ્યો છે.

લોગ હંમેશા ગલત ઈન્સાન
સે
ધોખા ખાને કે બાદ
અચ્છે ઈન્સાન સે બદલા
લેતે હૈ
તૂટેલા દિલે કંઈક માનવીને એવો બનાવી દીધો છે કે એ ખુદ એકલતામાં રડી શકતો નથી અને મહેફિલોમાં મન મૂકી ને હસી પણ શકતો નથી. ઓશો કહે છે કે બિના પ્યાર કે ઈન્સાન બસ એક શરીર હૈ !! સ્વાર્થમાં બધું ગણી ગણીને જ થતું હોય ત્યાં કોઈનું સાચું આશ્વાસન મળવું કપરૂં જ બને છે.

આશ્વાસન કે હૂંફ કયાંથી મળે તો માણસ આંતર મનથી સુખદ સમય અનુભવી શકે ? પ્રથમ તેના પરિવાર, મા-બાપ, જીવનસાથી વગેરે બીજું સહકાર્ય કરનાર કે અધિકારી ત્રીજું જીવનના સાચા મિત્રો, અને અન્ય લાગણીથી જોડાયેલાં લોકો - આ બધા જીવનને મહેકતું ધબકતું અને મધુર રાખે છે. વિશ્વમાં આર્થિક તથા ભૌતિકવાદની જે સ્થિતિ વિકૃત થતી જાય છે અને દિલના સંબંધો કે ઉષ્મા ઘટી રહ્યાં છે માટે જગત તેનાથી વંચિત થઈ રહ્યું છે. આશ્વાસન તો સદ્ગ્રંથો, આસ્થાસ્થાનો પણ આપે છે ધર્મ પણએક હૂંફ આપે છે જે વ્યક્તિને નૈતિક બળ પૂરું પાડે છે પરંતુ એ માટે પ્રત્યેક વ્યક્તિની વિચારદારા ઉપર અવલંબે છે. દરેક વ્યક્તિ જેને તમે જાણે છો એની અંદર એક એવી વ્યક્તિ છે જેને તમે નથી જાણતા ! જીવન પ્રેમનો ઉદય થાય તો પ્રેમમય સમય અવશ્ય મળે. એક સુંદર શૅર છે -

કૃષ્ણનું મુખ અને હોઠ
કયાંથી લાવશો ?
મેળામાં બહુ બહુ તો
વાંસળી મળે !!

હિરા પારખું કરતા પીડા પારખુંનું સ્થાન એટલા માટે જ ઊંચુ હોય છે. સ્નેહ ઝંખતા લોકોની ગણતરી કરવાની આપણા સમાજમાં કોઈ પ્રથા નથી, અને હેતાળ લોકોને કોઈ માન નથી !

**શેર આસ્વાદ :**
**જૈસા મુડ હો વૈસા મંજર હોતા હૈ**
**મૌસમ તો ઈન્સાન કે અંદર હોતા હૈ**